# India-US hold 2 plus 2 intersessional meeting

September 11, 2020

## ભારત-યુએસ 2 વત્તા 2 આંતરસત્રીય બેઠક યોજે છે

સપ્ટેમ્બર 11, 2020

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા 11 સપ્ટેમ્બર 2020 નાં રોજ વર્ચ્યુઅલ મોડમાં અધિકૃત સ્તર પર દ્વિપક્ષીય 2+2 આંતર-સત્રીય બેઠક યોજવામાં આવી હતી. ભારતીય પ્રતિનિધિમંડળની આગોવાની વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ (અમેરિકા) શ્રીમતિ વાણી રાવ અને સંરક્ષણ મંત્રાલયમાં સંયુક્ત સચિવ (આંતરરાષ્ટ્રિય સહકાર) શ્રી સોમનાથ ઘોષ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. યુ.એસ. પ્રતિનિધિમંડળની આગેવાની યુ.એસ. ડીપાર્ટમેન્ટ ઑફ સ્ટેટમાં બ્યૂરો ઑફ સાઉથ એન્ડ સેન્ટ્રલ એશિયન અફેર્સનાં સીનિયર બ્યૂરો અધિકારી શ્રી ડીન થોમ્પસન અને યુ.એસ ડીપાર્ટમેન્ટ ઑફ ડીફેન્સમાં ઈન્ડો-પેસિફિક સીક્યુરિટી અફેર્સ માટેનાં કાર્યકારી સહાયક સચિવ શ્રી ડેવિડ હેલ્વે દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી.

બન્ને પક્ષોએ વોશિંગ્ટન ડી.સી.માં 18 ડીસેમ્બર 2019 નાં રોજ યોજાયેલી છેલ્લી 2+2 મંત્રીઓની બેઠક પછીથી સંરક્ષણ, સુરક્ષા અને વિદેશ નીતિનાં ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ અને વિકાસની સમીક્ષા કરી હતી. તેઓએ પારસ્પરિક હિતનાં આધાર પર આ ક્ષેત્રોમાં ચાલું સહકારમાં વધારો કરવા માટેની તકોની ખોજ કરી હતી. તેઓએ પ્રાંતિય વિકાસ પર પણ દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું, અને મૂક્ત, ખુલ્લા, સમાવેશક, શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક માટેની ખોજ ચાલું રાખવા સંમત થયા હતા.

2+2 મંત્રીઓને અનુરૂપ આંતરસત્રીય બેઠકની યંત્રણા સ્થાપિત કરવામાં આવી હતી. બન્ને પક્ષો ભવિષ્યમાં આ ચર્ચાઓ ચાલું રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 11, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.